| Volume 7 | Issue 1 | FEB. 2025

MAKTABAH JAFARIYAH Knowledge & Research Academy

The International Journal

ISSN 2581-4354

# કલાપીની ગઝલોમાં પ્રગટતું જીવનદર્શન

**ડૉ.અબ્બાસઅલી એચ.સુથાર (આસિ.પ્રોફેસર)**

*ગુજરાતી વિભાગ,*
*મોમિના એન.એ.બળ્યા જાફરી આર્ટ્સ & કોમર્સ કોલેજ, શેખપુર*

**પૂર્વભૂમિકા :**

સાહિત્ય અને સમાજ સિક્કાની બે બાજુઓ તરીકે માનવામાં આવે છે. સમાજમાંથી આવતા સાહિત્ય સર્જકો સમાજ, કુટુંબ અને જ્ઞાતિમાં જે પણ સુખ કે દુ:ખ અનુભવે છે તે સાહિત્યમાં ક્યાંકને ક્યાંક શબ્દોના સહારે તેના ભાવ અને વિભાવ દ્વારા સાહિત્યમાં પ્રગટ થાય છે. માનવી સ્વભાવે અંતર્મુખી અને બહિર્મુખી હોય છે. તેના વ્યક્તિત્વ સ્વભાવને બહાર લાવવા માટે સાહિત્ય સર્જન કે અન્ય માધ્યમોનો સહારો લેતો હોય છે. ગુજરાતી ગઝલ સાહિત્યમાં પ્રથમ હરોળમાં મૂકી શકાય એવા કવિ કલાપીની ગઝલોમાં પ્રગટ થતા તેમના જીવનને રોકી શક્યા નથી. તે સાહિત્યની એક આગવી વિશેષતા ગણી શકાય. આ સંશોધનપત્રમાં ગુજરાતી ગઝલસાહિત્યમાં અશ્રુઘરના કવિ કલાપીની ગઝલમાં પ્રગટતું જીવનદર્શન પર સંશોધન કરવાનો મારો ઉપક્રમ છે.

**ચાવીરૂપ શબ્દો :** કવિ કલાપીનું જીવન- સાહિત્ય, ગઝલ સાહિત્ય, જીવનદર્શન, પ્રિયજન, રમા - શોભના, શોક, પસ્તાવો વગેરે.

**કવિપરિચય :**

'યુવાનોનો કવિ' અને 'અશ્રુઘરના કવિ' તરીકે પ્રસિદ્ધ પામનાર કવિ કલાપીનો જન્મ ૨૬ જાન્યુઆરી ૧૮૭૪ લાઠીના રાજકુટુંબમાં થયો હતો. તેમના પિતાનું તખ્તસિંહજી ગોહિલ અમરેલીના લાઠી પ્રદેશના રાજવી હતા. તેમણે ૧૮૮૨થી ૧૮૯૦ સુધી રાજકોટની રાજકુમાર કૉલેજમાંથી પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું, જે આંખોની તકલીફ, રાજકીય ખટપટો અને કૌટુંબિક કલહને કારણે એ વખતના અંગ્રેજી પાંચમા ધોરણ સુધી જ પૂર્ણ થઈ શક્યું હતું. કલાપીએ અંગત શિક્ષકો રોકી અંગ્રેજી-સંસ્કૃત સાહિત્યનું શિક્ષણ મેળવ્યું, ફારસી-ઉર્દૂનો પણ અભ્યાસ કર્યો અને વાચન-અધ્યનની રુચિ કેળવી. આ સમય દરમિયાન ૧૮૮૯માં ૧૫ વર્ષની વયે તેમનાંથી ૮ વર્ષ મોટા રોહા (કચ્છ)નાં રાજબા (રમા) તથા તેમનાથી ૨ વર્ષ મોટા કોટડા-સાંગાણીનાં આનંદીબા સાથે લગ્ન થયાં. પિતા અને મોટાભાઈનાં અવસાનથી સગીર વયે જ ગાદીવારસ ઠરેલા એમને ૧૮૯૫માં લાઠી સંસ્થાનનું રાજપદ સોંપાયું.

તેમના જીવનમાં આવતા પ્રસંગોમાંથી મહત્વના પ્રસંગોમાં રમા સાથે આવેલી દાસી મોંઘી (પછીથી શોભના) પર ઢળેલી વત્સલતા અને એને કેળવવા જતાં સધાયેલી નિકટતાને કારણે ગાઢ પ્રીતિમાં પરિણમી અને એમના આંતરબાહ્ય જીવનમાં ખળભળાટ મચી ગયો. રાજ્યની ખટપટમાં રમાબા સાથે ઉભા થયેલા મતભેદો દરમ્યાન દાસી મોંઘી (પાછળથી

શોભના)ની સાહિત્ય તથા તેમની રચનાઓ પ્રત્યેની રૂચી જોતાં તેમ જ તેના બુદ્દિધચાતુર્ય, સુંદરતા અને ભોળપણ જોતાં ૨૦ વર્ષની ઉંમરે એની સાથે પ્રેમ થયો. ઘણા સાંસારિક, માનસિક, વૈચારિક સંઘર્ષોને અંતે એમણે ૧૮૯૮માં શોભના સાથે લગ્ન કર્યું. ઋજુ અને સંવેદનશીલ પ્રકૃતિના આ કવિ પ્રાપ્ત રાજધર્મ બજાવવા છતાં રાજસત્તા અને રાજકાર્યમાં પોતાની જાતને ગોઠવી ન શક્યા. છેવટે ગાદીત્યાગનો દૃઢ નિર્ધાર કરી ચૂકેલા કલાપીનું છપ્પનિયા દુકાળ વખતે લાઠીમાં ૯ જૂન ૧૯૦૦ના રોજ અવસાન થયું. એવું મનાય છે કે રાજબા-રમાબા સાથે શોભના સાથેના પ્રણયના કારણે મતભેદ થયા અને કવિ કલાપીને ઝેર આપવામાં આવ્યું હતું.

કવિ કલાપીના સમગ્ર સાહિત્યને 'કલાપીનો કેકારવ' નામે કવિ કાન્ત સંપાદિત કરે છે. તેમના કવિતા સાહિત્યની સાથે વર્ડઝવર્થ, શેલી, કીટ્સ વગેરેની રોમાન્ટિક કવિતા-પરંપરાથી પ્રભાવિત કલાપીએ એ કવિઓનાં કેટલાંક કાવ્યોનાં ભાવવાહી રૂપાંતરોને અનુવાદો પણ કર્યા છે. સાહિત્યકાર મિત્રો, સ્નેહીઓ તથા કુટુંબીજનો પર કલાપીએ લખેલા ૬૭૯ પત્રો 'કલાપીના ૧૪૪ પત્રો' (સં. મુનિકુમાર ભટ્ટ, ૧૯૨૫) અને 'કલાપીની પત્રધારા' (સં. જોરાવરસિંહજી સુરસિંહજી ગોહિલ, ૧૯૩૧)માં ગ્રંથસ્થ થયા છે.

## કલાપીની ગઝલોમાં પ્રગટતું જીવનદર્શન:

કવિ કલાપીની ગઝલોમાં તેમના જીવનમાં બનતી ઘટનાઓ ગઝલનું મહત્ત્વનું તત્ત્વ બની જાય છે. ગુજરાતીમાં અન્ય કવિઓ કરતાં કવિ કલાપીનું કવિતા સાહિત્યમાં આપણને જીવનદર્શન પ્રગટ થતું જોવા મળે છે, તે જોતા તેમની ગઝલોમાં પ્રેમ, વત્સલ, રાગ – અનુરાગ, ખાલીપો, વિરહ, વેદના, લાગણી, વિશ્વાસ, રસિકતા, પસ્તાવો, ચિંતન વગેરે જેવા ભાવો પ્રગટ થાય છે. જેથી તેમના સાહિત્યથી કવિ કલાપીના જીવનનો ખ્યાલ આવે છે. તેમની પ્રસિદ્ધ ગઝલોને આધારે કવિ કલાપીની ગઝલોમાં પ્રગટતું જીવનદર્શન આલેખન જોઈએ.

### 'સારસી'

'સારસી' ગઝલમાં સારસીના મનમાં નિષ્ફળ થયેલા શોકને મૂર્તરૂપ આપવામાં કવિ સફળ રહ્યા છે. એ જ રીતે જંગલમાં લાગેલા અગ્નિનું અત્યંય ગત્યાત્મક ચિત્ર દોરવામાં પણ કલાપીની સર્જક પ્રતિભાનું દર્શન થાય છે. કલાપીએ આ ખંડકાવ્યમાંથી જે જીવનનું દર્શન રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે એ અંતભાગે સારસીના પ્રેમને જ કલાપીએ ચિંતનનો વિષય બનાવીને પ્રેમ એકનિષ્ઠ હોવો જોઈએ એ બહુનિષ્ઠ તેવો પ્રશ્ન જગાવ્યો છે. સારસીના પ્રિયજનના મૃત્યુ નિમિત્તે કવિને એવો પ્રશ્ન પણ મૂંઝવે છે કે પ્રિયજનના અવસાનથી નવજીવનનો પ્રારંભ ન કરી શકાય ? અને આ મૂંઝવણને કલાપી પ્રેમની વિભાવનાના ચિંતનરૂપે વિશાળ ફલકમાં ચર્ચા કરી છે.

કવિ કલાપીએ પ્રેમની ભાવના વિશે, વિધિની વિચિત્રતા વેશે અને સારસીની કરુણતા અંગે ચિંતન રજૂ કર્યું છે. કાન્તના 'મૃગતૃષ્ણા' કાવ્ય સાથે કલાપીનું આ કાવ્ય સામ્ય જરૂર ધરાવે છે. એમ છતાં કલાપીની સર્જકપ્રતિભાના ઉન્મેષો આ ખંડકાવ્યમાં જરૂર જોવા મળે છે.

> "દર્દીના દર્દીની પીડા વિધિનેય દીસે ખરી,
> અરે ! તો દર્દ કાં દે છે ? ને દે ઔષધ કાં પછી ?"

જેવી પંક્તિઓમાં પ્રગટ થતું કલાપીનું ચિંતન કાવ્યના મર્મને ધારે લાક્ષણિક રીતે ઉપસાવી આપે છે. તેમના સાંસારિક જીવનનો બનાવને શબ્દોમાં વણી લીધા હોય એવું લાગે છે. તેમના દર્દનું વર્ણન કરતા વિધિનું પ્રતિક આપીને તે દર્દ આપનાર અને પછી એજ દર્દ માટે દવા આપનાર તેમની પ્રિયતમાનું ચિત્ર ઉભું કર્યું છે.

### 'વીણાનો મૃગ'

વીણાની જાણકાર સંગીતજ્ઞ કન્યા અને સંગીતનું શ્રવણ કરવાનો શોખીન મૃગ એ બંને વચ્ચેના કરુણ મધુર પ્રસંગને કલાપી આ ખંડકાવ્યમાં ખૂબ જ માર્મિકતાથી રજૂ કરે છે. આ પ્રસંગ નિમિત્તે કલાપી જે ચિંતન રજૂ કરે છે એમાં

"કલા છે ભોજ્ય મીઠી ને ભોક્તા વિણ કલા નહીં,
કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહીં."

ખૂબ મહત્ત્વની પંક્તિ છે. કલાના નિર્માણ અને વિકારનો એકમાત્ર આધાર કલાના રસિકભોક્તા ઉપર રહેલો છે. એ વિના કલાનું પ્રાગટ્ય અસંભવિત છે. ગઝલની કથાના સંરચનામાં કલાપીએ જે રીતે અનેક સંકેત વેર્યા છે એને લીધે આખું ખંડકાવ્ય લાક્ષણિક બની રહે છે. રોજ સવારે એક કન્યા પોતાની વિણામાંથી દિવ્ય સૂરો રેલાવતી અને વીણાના આ સ્વર્ગીય સૂરોથી આકર્ષાઈને એક મૃગ કન્યા પાસે રોજ સવારે આવતો. વીણાના સૂરોના આદાન પ્રદાનથી કન્યા અને મૃગ બંને વચ્ચે પ્રેમની અદ્‌ભુત માયાજાળ સર્જાયેલી. એક દિવસ કન્યાની વીણાના સૂરોથી આકર્ષાઈને આવેલ મૃગ ઉપર કન્યાના પિતાએ તીર ચલાવ્યું અને ઘવાયેલો મૃગ આવા સંજોગોમાં કન્યાને વિનંતી કરે છે કે;

"કરીને શીર્ષનું તુમ્બુ, નેત્રની નખલી કરી;
બજાવી લે, બજાવી લે બીન તારું હજી હજી."

કન્યા અને મૃગ વચ્ચેનું સ્નેહનું સામ્રાજય એક પળમાં જ કન્યાના પિતાના તીરથી વિલીન થઈ જાય છે. કન્યા શોકાતુર બની જાય છે. વીણાના સૂરોના સાચા ભોક્તા વિના કન્યાને તેની વીણા વગાડવાની ઈચ્છા પણ જાણે કે મરી પરવારે છે. કન્યાના પિતાને પોતાની ભૂલનું રહસ્ય પાછળથી સમજાય છે અને એ પોતાની દીકરીને મૃગને ભૂલી જઈને ફરી સંગીતમાં રસ લેવા સમજાવે છે પણ કન્યાનું દુઃખ હળવું થતું નથી. પોતાની કલાનો સાચો ભોક્તા મૃગ—ચાલ્યો ગયો તેથી હવે તેની કલા પુનઃ પ્રગટી શકશે નહીં. કલાને માણનાર, સમજનાર અને કલાની પ્રેરણા પૂરી પાડનાર મૃગ વિના મારી કલા ક્યાંથી પુનર્જીવિત થઈ શકે ?

કવિ કલાપી આ ગઝલમાં એમાંના ચિંતનને કારણે લાક્ષણિક બની રહે છે. સંગીત અને વીણા દ્વારા કન્યા અને મૃગનો જે સંબંધ બંધાયો છે તે તેમના લગ્ન જીવનની પ્રતીતિ કરાવે છે. આ બાજુ કન્યા અને મૃગ તો કલાપીના જીવનમાં એક બાજુ તેમની પ્રિયતમા અને સામે રાજપાટ છે. તે ચિંતનમાં પ્રગટ થતા ભાવને ગઝલમાં પ્રગટ કર્યો છે.

## 'ગ્રામ્યમાતા'

પ્રકૃતિની રમ્ય પશ્ચાદભૂ ઉપર કલાપીએ સર્જેલું આ એક સર્વાંગસુંદર ખંડકાવ્ય છે. કાવ્યના કથાનકની સંરચના માટે કલાપીએ લાઘવની કલાનો લાક્ષણિક રીતે વિનિયોગ કરેલો છે. કલાપીએ પાત્રચિત્રણમાં પોતાની સર્જક પ્રતિભાનો ઉપયોગ અહીં સરસ રીતે કર્યો છે.

શ્રી ઈન્દ્રવદન દવે કહે છે તેમ કલાપીને આ કાવ્ય રચવાની પ્રેરણા વર્ડઝવર્થના કાવ્ય પરથી મળી હોય છતાં આ કાવ્યની ગૂંથણી કલાપીએ કલાત્મક રીતે કરેલી છે. ખંડકાવ્યનો આરંભ નૈસર્ગિક વાતાવરણનું નિરૂપણ કરીને કવિએ કર્યો છે.

કાવ્યમાં આલેખાયેલાં કેટલાંક ભાવચિત્રો અત્યંત હૃદયસ્પર્શી, હૃદયવેધક અને ચિત્તાકર્ષક છે. જે રીતે આ ખંડકાવ્યમાં કવિએ ચિત્રો દોરેલા છે એમાં કવિની સર્જક પ્રતિભાનો સુભગ પરિચય પ્રાપ્ત થાય છે. ચિત્રાત્મકતા આ ખંડકાવ્યનું અગત્યનું પાસું બને છે. સુંદર કથાવસ્તુ, છંદવૈવિધ્ય, ધ્વનિ અને લાઘવની દૃષ્ટિએ આ ખંડકાવ્ય અનવદ્ય બનવા પામ્યું છે.

'ગ્રામ્ય માતા' ખંડકાવ્યમાં કલાપી તેમના સુશાસનને ખુબ સારી રીતે જોવા માંગતા રાજવી પુરુષ તરીકે પોતાનું ચિંતન પ્રગટ કરવામાં સફળ રહ્યા છે. રાજનગરની ખેડૂત સ્ત્રી પાસેથી રાજા પ્રત્યેની અભિલાષા અથવા તેની આશાઓને સાંભળીને તેમના જીવનનો તપ અને વૈરાગ્ય ચરમ સીમાએ પહોંચી જાય છે. તે તેમનું સરળ અને મૃદુ વ્યક્તિત્વને પ્રગટ કરે છે.

## 'પ્રિયા કવિતાને છેલ્લું આલિંગન'

'પ્રિયા કવિતાને છેલ્લું આલિંગન' અન્યોક્તિકાવ્ય તરીકે પણ આ કાવ્યને જોઈ શકાય, શોભનાને અંતિમ વાર મળતી વખતે કવિ જાણે કહી રહ્યા છે કે તું મારાં હૃદયના ધબકાર છે. મારાં આંસુની ધાર પણ તું જ છે. મારા દિલમાં હળાહળ વિષ છે અને તારા સિવાય આ વિષના ઘૂંટડા ગળનાર કોઈ નથી. હું ખૂબ જ દુઃખગ્રસ્ત છું પણ મારા દુઃખને કેવી રીતે રડું ? કારણ કે દુઃખોને રોવાથી પાર આવે એમ નથી. હું જયારે

રડતો ત્યારે તારા ખોળામાં માથું મૂકીને રડતો પરંતુ હવે બધા સ્નેહીઓ તથા મિત્રો ચાલ્યા ગયા છે ત્યારે હવે તું પણ જા. સુખી થા, આ સ્થિતિમાં હવે હું કોઈના પણ આધાર વિના જીવીશ. વર્ષો વીત્યાં અને એની સાથે સપનાં પણ વીત્યાં. હવે તું પણ ભૂતકાળની વાત થઈ જા. મારા આંસુ એ તારાં જ ગીતો છે. પણ હવે સાંભળનાર કોઈ નથી. હવે આલિંગન દઈને કોણ જિગરને નિચોવશે ? હવે તો હું જ મારો પુકાર છું. મારું દિલ કઠોર છે અને તું કોમળ છે એટલે તને નહિ ફાવે.

રસની ધાર એવી તું ક્યાં છે? તું કયાં મળવાની ? તું રસની હેલી છે અને હું રસ વિનાનો. તને છેલ્લી વાર ભેટું છું છતાં તું કોઈ કોઈ વાર મારી સંભાળ લેજે. હું તો ડૂબનાર જ હતો અને તું તો તરનાર હતી. આપણો મેળ ખાય એમ નથી. એથી જ તું કોઈ તરનારને તાર. ડૂબનારનો પ્યાર છોડી દે.

આ ગઝલમાંમાં આરંભથી અંત સુધી કરુણરસ રહે છે. 'રસીલી', 'દિલદાર', 'દિલડાનું ઝેર', 'અશ્રુની ધાર', 'આંસુ તારાં ગીત, 'તું રસ હેલી' વગેરેમાં રૂપક અલંકાર છે. આખા કાવ્યમાં કવિતા અને શોભના જાણે કે એકાકાર બની ગયાં હોય એવું જોવા મળે છે :

"તું રસહેલી, હું રસહીણ !
હું ડૂબનારો, તું તરનાર."

આમ, કવિ કલાપીની ઉપરોક્ત ગઝલોમાં સારસીના પ્રતિકરૂપે તેમની મૃત્યની વેદના, પ્રિયતમાના પ્રેમની ચિંતા અને રમા કે શોભના જીવનનું ચિંતન જોવા મળે છે. વીણાનો મૃગ ગઝલમાં કલાનો આધાર રાખીને તેમને મળેલા જીવનના અમૂલ્ય પ્રસંગોને પ્રગટ કર્યા છે. તેમના પ્રેમને સાચો પારખનાર અને વિશ્વાસને પામનાર જોઈએ છે તો ક્યાંકણે ક્યાંક તેમના મનના ખાલીપો વ્યક્ત કર્યો હોય એવું લાગે છે. એક રાજવી ઘરાના હોવાથી રાજ્યમાં તેમના માન અને મોભો રજૂ કરતાં 'ગ્રામ્યમાતા'માં પ્રગટ થાય છે. તેમની ભૂલોનો પસ્તાવો પ્રગટ થાય છે. 'કવિતાદેવી'નું પ્રતીક આપીને શોભનાની અંતિમ વિદાયનો કરુણરસ ગઝલમાં પ્રાણ બની રહ્યો છે.

કવિ કલાપીના સમગ્ર ગઝલ સાહિત્યમાં તેમના હૃદયની ઊર્મિઓની સાથે તેમના જીવનને પ્રગટ કરવામાં આવ્યું છે.

## સંદર્ભ સુચિ :


- બ્રહ્મભટ્ટ ડૉ.પ્રસાદ (૨૦૧૫) - અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
- કલાપી (૨૦૧૫) – કલાપીનો કેકારવ, પ્રવીણ પ્રકાશન પ્રા. લિ, રાજકોટ.
- દવે ડૉ. ઈન્દ્રવદન (૧૯૬૭) - 'કલાપી – એક અધ્યયન', ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ.
- ભટ્ટ મુનીકુમાર - 'કલાપીના પત્રો', નવજીવન મુદ્રાલય, અમદાવાદ.